# ઉચ્ચ શિક્ષણમાં આદિવાસી વિદ્યાર્થીઓનાં મનોવલણો

ડૉ. હરેશ સુથાર
સરકારી વિનયન કોલેજ, ઝઘડીયા

"આદિવાસી વિદ્યાર્થીઓ માન્ય ભાષાની અભિવ્યક્તિની તકલીફને કારણે મૌન રહેવાનું પસંદ કરે છે. મોટે ભાગે ચર્ચા, વાદવિવાદ, સંવાદ, દલીલ કે વિરોધથી દૂર રહે છે. ૨૦૦ વિદ્યાર્થીઓમાંથી એક પણ વિદ્યાર્થીએ અભ્યાસ કરતી વખતે પાઠયપુસ્તક સિવાય બીજું પુસ્તક ભાગ્યે જ વાંચ્યું હતું."

ભારતીય સમાજમાં અનુસૂચિત આદિજાતિઓ જુદા-જુદા ભૌગોલિક વિસ્તારોમાં વસે છે. આથી અનુસૂચિત આદિ જાતિઓમાં જાતિતત્વો, ભાષા, સાંસ્કૃતિક સ્તર વગેરેમાં તફાવતો રહેલા હોય છે. આદિવાસી પ્રજા સમગ્ર ભારતીય સમાજરચનાનું મહત્ત્વનું અંગ છે. અનુસૂચિત આદિજાતિઓ દેશના સામાન્ય શહેરી અને ગ્રામીણજનોથી એકંદરે પછાત અવસ્થામાં જીવન જીવે છે. ભારતના સામાન્ય નાગરિકની તુલનામાં આદિવાસીઓ આર્થિક-શૈક્ષણિક પછાતપણું ભોગવે છે.

ભારતનાં જુદાં જુદાં રાજ્યોમાં બધી મળીને આશરે ૨૨૧ જેટલી આદિવાસી જાતિઓ વસે છે. આફ્રિકાને બાદ કરતાં દુનિયામાં આદિવાસીઓની સૌથી વધુ વસ્તી ભારતમાં છે. ભારતનાં જુદાં જુદાં રાજ્યોની તુલનામાં આદિવાસી વસ્તીની સંખ્યાની બાબતમાં ગુજરાત પાંચમાં નંબરે આવે છે. ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં આદિવાસીઓની વસ્તી જોવા મળે છે. જેમાં ભીલ, ચૌધરી, ગામીત, રાઠવા, ભીલાલા, ઘોડિયા, બાવચી, બરડા, ગોંડ, કાથોડી, નાયકા, પારઘી, કુણબી, કોળી, સીદી, દૂબળા, પઢાર વગેરે મળીને લગભગ ૨૯ આદિવાસી જાતિઓ વસે છે.

સ્વતંત્રતા પછી ધીમે ધીમે ઉચ્ચશિક્ષણમાં આદિવાસી વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓની સંખ્યા વધી છે. અમારી કોલેજમાં લગભગ ૨૦ વિદ્યાર્થીઓ આદિવાસી સમુદાયના જોવા મળે છે. આ વિદ્યાર્થીઓમાંથી ૨૦૦ વિદ્યાર્થીઓને હેતુપૂર્વક નિદર્શન દ્વારા પસંદ કરી આ અભ્યાસ કરવામાં આવેલ છે. શિક્ષક તરીકે વિદ્યાર્થીઓનું ખૂબ જ નજીકથી નિરીક્ષણ પણ સંશોધકે કરેલ છે. આદિવાસી વિદ્યાર્થીઓ સાથે રોજબરોજનો નાતો જોડાતાં કેટલીક બાબતો નિરીક્ષણ દ્વારા જ પ્રાપ્ત થયેલ છે. શિક્ષક તરીકે અને સંશોધક તરીકે આદિજાતિનાં વિદ્યાર્થીઓના અભ્યાસમાં નીચેના તારણો પ્રાપ્ત થયાં છે. (આણંદ-વિદ્યાનગરની કોલેજોમાં ભણતાં વિદ્યાર્થીઓ સંદર્ભે.)

આદિવાસી વિદ્યાર્થીઓ માન્ય ભાષાની અભિવ્યક્તિની તકલીફને કારણે મૌન રહેવાનું પસંદ કરે છે. મોટેભાગે ચર્ચા, વાદવિવાદ, સંવાદ, દલીલ કે વિરોધથી દૂર રહે છે. ૨૦૦ વિદ્યાર્થીઓમાંથી એક પણ વિદ્યાર્થીએ અભ્યાસ કરતી વખતે પાઠયપુસ્તક સિવાયનું બીજુ પુસ્તક ભાગ્યે જ વાંચ્યું હતું. તેમની વાર્તાઓમાં કે ઉદાહરણોમાં કાંઇ ભારતીય સંસ્કૃતિનો અંશ ન જણાયાં. તેઓએ ૧૨ માં ધોરણ સુધી પરીક્ષાલક્ષી જ વાંચ્યું હોય તેવું જણાય છે. સાદી અરજી લખતાં, બાયોડેટા બનાવતાં કે પોતાની ઓળખ આપતાં તેમને ફાવતું નથી. સાહિત્યનાં વિવિધ સ્વરૂપોથી તેઓ અજાણ છે. ૯૦ % વિદ્યાર્થીઓ ગ્રંથાલયનો ઉપયોગ કરતાં નથી. ૮૧ % વિદ્યાર્થીઓએ નેતાઓનાં માત્ર નામ સાંભળેલ છે, નેતા વિશે ઝાઝી માહિતી ધરાવતા નથી. અનામત અંગે તેમને સંપૂર્ણ ખ્યાલ છે. સ્કોલરશીપ કે હોસ્ટેલ સગવડ અંગે તેઓ વાકેફ છે. તેઓ મહદાંશે શિક્ષણ સિવાય રમત-ગમત, ટ્રેકિંગ, વકતૃત્વ સ્પર્ધા કે વ્યક્તિત્વ વિકાસ જેવી પ્રવૃત્તિઓમાં જોડાતા નથી. પહેરવેશ મોટેભાગે બદાહં જેવો જ, પરંતુ આર્થિક અનુકૂળતા મુજબ જોવા મળે છે. કોલેજની એન.એસ.એસ. જેવી પ્રવૃત્તિઓમાં તેઓ ખાસ ભાગ લેતા નથી. ૮૦% વિદ્યાર્થીઓ બી.એડ્. કરી શિક્ષક થવા માંગે છે. અલબત્ત, શિક્ષકના વિકાસની પ્રવૃત્તિઓમાં તેઓ ભાગ લેતા નથી. આ વિદ્યાર્થીઓ સારા શિક્ષક થાય તે માટે વાંચનની ટેવ બહુ જરૂરી છે, જેનો અભવા આ વિદ્યાર્થીઓમાં જોવા મળે છે.

આદિવાસી વિદ્યાર્થીઓની સામાજિક-આર્થિક પરિસ્થિતિની તપાસ કરતાં જણાયું કે, ૯૨ % વિદ્યાર્થીઓની માતા અશિક્ષિત છે. ૭૨ % વિદ્યાર્થીઓના પિતા પણ અશિક્ષિત જોવા મળ્યાં. ૯૨ % વિદ્યાર્થીઓના પિતા મજૂરી કરે છે. તેમને સાથે વિસ્તૃત ચર્ચા કરતાં જાણવાં મળ્યું, કે મકાઇનો રોટલો અને વાડે થયેલું શાક તેમનો મુખ્ય ખોરાક છે. ૮૫ % વિદ્યાર્થીઓનાં દાદા-દાદી હયાત નથી. આદિવાસીઓની લગ્નવ્યવસ્થા અંગે માહિતી મેળવતાં જાણવા મળ્યું કે, કન્યાનાં મા-બાપને પૈસા આપવાના હોવાથી સ્ત્રીઓ પર ઓછા અત્યાચાર થાય છે અને સ્ત્રીને 'વસ્તુ' ગણવામાં આવે છે.

ઉચ્ચ શિક્ષણ માટે જે વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનિઓ ઘર છોડી સરદાર પટેલ યુનિવર્સિટીમાં અભ્યાસ કરવા આવે છે, તેઓ સમયાંતરે પરિવર્તિત થાય છે. ૯૫ % વિદ્યાર્થીઓ પ્રથમ અઠવાડિયામાં ફિલ્મ જોવા જાય છે. પુરુષ વિદ્યાર્થીઓનાં ૮૨ % વિદ્યાર્થીઓ વાળની સ્ટાઇલમાં ફેરફાર કરેલ જણાય છે.

૧૨ % વિદ્યાર્થીઓ મોબાઈલનો ઉપયોગ કરે રે. ૬૯ % આદિવાસી વિદ્યાર્થીઓને બસ અને રેલ્વે અંગે ખાસ માહિતી નથી. આ વિદ્યાર્થીઓની એક ખાસિયત છે કે તેઓ માત્ર તેમના સમુદાયના વિદ્યાર્થીઓ સાથે સરળતાથી ભળી જાય છે. આદિવાસી વિદ્યાર્થીઓ ધીમે ધીમે વતનમાં જે સગવડ નથી તે અંગે જાગૃત થયા છે ત્રીજા વર્ષ પછી વતનમાં જવાનું તેમનું ગમતું નથી. શહેરીકરણ ચાલુ થઈ જાય છે. આ વિદ્યાર્થીઓને હોસ્ટેલમાં રહેવાનું ખૂબ પસંદ છે, ૨ % થી ૩ % વિદ્યાર્થીઓ વ્યવસાય પ્રાપ્તિ માટે તૈયારી કરે છે. આથી તેઓ ચોક્કસ પ્રકારના વર્ગો ભરે છે. વ્યક્તિત્વ વિકાસના ગંભીર પ્રયત્નો કરે છે. શિક્ષણ પ્રાપ્ત કરતાં વિદ્યાર્થીઓમાં તેમના સમાજ અંગેના જવાબોમાં વૈવિધ્ય જોવા મળે છે. ૮૦ % વિદ્યાર્થીઓ પોતાના સમુદાયના વિવિધ પ્રકારો જાણતા નથી. ૧૦૦ % વિદ્યાર્થીઓ મૃત્યુ અને લગ્ન અંગેની તમામ પરંપરાઓ એ પદ્ધતિઓથી વાકેફ છે. ૮૮ % વિદ્યાર્થીઓ ખૂબ ગરીબ પરિવારમાંથી આવે છે. સરકારી યોજનામાં કારણે તેઓ શિક્ષણ પ્રાપ્ત કરી શકે છે. કારકિર્દી અંગે તેમને સવાલ પૂછતાં તેઓ હજી તે અંગે ઝાઝી માહિતી ધરાવતા નથી. લગભગ ૯૦ % વિદ્યાર્થીઓનો ધર્મ અંગેનો ખ્યાલ પરિવર્તન પામતો જણાય છે, પરંતુ ૧૦૦ % વિદ્યાર્થીઓ ભુવામાં માને છે. આ વિદ્યાર્થીઓને આયુર્વેદ કે ઘરગથ્થુ ઉપચારો અંગે માહિતી પ્રાપ્ત થઈ નથી. આદિવાસી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ યોગ્ય રીતે પ્રાપ્ત કરે તે માટે વિશિષ્ટ તાલીમની આવશ્યકતા છે. આદિવાસી વિદ્યાર્થીઓને ગુજરાતી ભાષામાં તકલીફ પડે છે. ઉચ્ચશિક્ષણ પામતી આ પેઢી સમાજમાં અનેકવિધ પરિવર્તન લાવશે તેવું જણાય છે. આદિવાસી વિદ્યાર્થીઓ રાજકીય બાબતોમાં જાગૃત છે અને તેઓ પોતાના મતદાન અંગે તથા નેતા અંગે યોગ્ય પ્રમાણમાં માહિતી ધરાવે છે. ૧૦ % વિદ્યાર્થીઓ રાજકારણમાં દાખલ થઈ નેતા થવા માંગે છે.

૮૦ % વિદ્યાર્થીઓ આછી-પાતળી નોકરીથી સંતોષ માનતા જણાય છે. કારકિર્દી બાબતમાં ૧૦ % વિદ્યાર્થીઓ સરકારી નોકરીનો પાકો ધ્યેય દર્શાવે છે. આજુબાજુ શિક્ષણ પામેલા અને તેમના સિનિયર વિદ્યાર્થીઓની મહિનાની આવક જોઈ તેઓ અન્ય વિકલ્પો વિચારવા માંગતા નથી. સરકારી નોકરી બધું જ મેળવવાનો રાજમાર્ગ છે તેવું તેઓ માને છે. લગભગ ૫૦ % વિદ્યાર્થીઓ એના માટે ભ્રષ્ટાચાર કરવા પણ તૈયાર છે. તેઓ માત્ર ધ્યેયપ્રાપ્તિ માટે જ પ્રયત્નશીલ છે. સમજ વધારવાનો કે અન્ય આદિવાસીઓને જાગૃત કરવાનો કે મદદ કરવાનો ખ્યાલ આ વિદ્યાર્થીઓમાં ઓછો જણાય છે. ટૂંકમાં, ઉમદા ગુણોના વિકાસ માટેની તાલીમ, અનુભવ જરૂરી છે.

તેઓ આદિવાસી દેવી-દેવતાઓ બાબતે દ્વિધા ધરાવે છે. પિઠીરા દેવને ચિતરતાં આવડે છે. ભારત વિશેની જાણકારી ઓછી જોવા મળે છે. પરંતુ ઉચ્ચશિક્ષણની શરૂઆતે તેમના વિકાસના દરવાજા ખોલી નાંખ્યા છે તેવું જણાય છે.